સંક્ષિપ્ત સમાચાર

દાસા ખાતે સેવા ભાજપ દ્વારા સંકલ્પ અભિયાન મંડલ કાર્યશાળા યોજાઈ

સીંગવડ : સીંગવડ તાલુકાના દાસા ખાતે તા. 11 9 26 ના રોજ ભારતીય જનતા પાર્ટી સીંગવડ તાલુકા દ્વારા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સેવા અને સમર્પણના 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સેવા સંકલ્પ અભિયાન - સીંગવડ મંડલ કાર્યશાળા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળા સમાજઘર, દાસા મુકામે યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને ભારત માતાની પૂજા સાથે કરવામાં આવી હતી, જેમાં જિલ્લા અને તાલુકાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગામી દિવસોમાં સેવા પખવાડિયા દરમિયાન થનારા કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ જેમાં દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર જિલ્લા પાર્ટી પ્રમુખ સ્નેહલ ભાઈ ધરીયા તથા જિલ્લા મહામંત્રી મુકેશભાઈ લબાના ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રભારીની દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર સાથે મૂલાકાત

સિંગવડઃસિંગવડ તાલુકાના દાસા ખાતે 11 9 26ના રોજ ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના પ્રભારી તરુણ ચુગ જી દાહોદ જિલ્લાના સાંસદ જસવંતસિંહ એસ. ભાભોર ના નિવાસસ્થાને પધાર્યા હતા. આ પ્રસંગે સાંસદ નિવાસસ્થાને સંત શ્રી સુમરણદાસજી સાહેબ તથા જશવંતસિંહ ભાભોરના પત્ની કંચનબેન ભાભોર તથા તેમના પુત્ર અને તેમની પુત્રવધુ દ્વારા પ્રદેશ પ્રભારી તરુણ ચુગજીનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ સ્નેહલભાઈ ધરીયા રત્નાકરજી તથા પાર્ટીના આગેવાન નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા પ્રદેશ પ્રભારી તરુણ ચુગ જી નું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને નેતાઓ વચ્ચે સંગઠનાત્મક બાબતો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા અને તાલુકાના પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

બાંડીબાર પંથકમાં ખુલ્લેઆમ પ્લાસ્ટિક બોટલમાં પેટ્રોલનું વેચાણ

છૂટક પેટ્રોલનું વેચાણ : દુર્ઘટનાને આમંત્રણ ?

(પ્રતિનિધિ) દાહોદ તા.11

બાંડીબાર પંથક અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી સામાન્ય કરિયાણાની, પાન-મસાલાની તથા અન્ય નાની-મોટી દુકાનોમાં પ્લાસ્ટિકની બોટલોમાં ગેરકાયદેસર રીતે થતું પેટ્રોલનું વેચાણ ભારે ચિંતાનો વિષય બન્યું છે. સુરક્ષાના નિયમોને નેવે મૂકીને થઈ રહેલા આ કારોબારને કારણે કોઈ મોટો અકસ્માત કે આગની હોનારત સર્જાવાનો ભય સતત તોળાઈ રહ્યો છે. સરકારી નિયમો મુજબ પેટ્રોલિયમ પદાર્થોનું વેચાણ માત્ર માન્યતા પ્રાપ્ત પેટ્રોલ પંપ પરથી જ થઈ શકે છે. પ્લાસ્ટિકની બોટલોમાં પેટ્રોલનો સંગ્રહ કરવો અને તેનું ખુલ્લામાં વેચાણ કરવું એ કાયદાકીય રીતે ગુનો છે. પ્લાસ્ટિક બોટલમાં પેટ્રોલ લાંબો સમય રહેવાથી અથવા ગરમીના સંપર્કમાં આવવાથી બોટલ ફાટવાની કે આગ લાગવાની શક્યતા ઘણી વધી જાય છે. બાંડીબાર પંથકની તમામ દુકાનો પર સઘન તપાસ હાથ ધરવામાં આવે. વેપારીઓ દ્વારા કરવામાં આવતા અનધિકૃત સંગ્રહ સામે કાયદેસરની કાર્યવાહી થાય.જનસુરક્ષાને ધ્યાનમાં રાખીને ગેરકાયદેસર રીતે બોટલોમાં પેટ્રોલ વેચતા દુકાનદારો સામે દંડનીય પગલાં લેવાય. સ્થાનિક નાગરિકો અને બુદ્ધિજીવીઓ દ્વારા પોલીસ તંત્ર તથા પુરવઠા વિભાગને આ બાબતે તુરંત ધ્યાન આપી અનધિકૃત પેટ્રોલ વેચાણ બંધ કરાવવા અને મોટી હોનારત અટકાવવા માટે મક્કમ પગલાં ભરવા અપીલ કરવામાં આવી છે.

જવાબદાર અધિકારીઓ માત્ર કાગળના વાઘ ! કેબીનથી બહાર નીકળી કાર્યવાહી કરે

જિલ્લા પુરવઠા વિભાગ, પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝિવ્સ સેફ્ટી ઓર્ગેનાઇઝેશન (PESO), જિલ્લા કલેક્ટર તંત્ર, ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસ જેવા જવાબદાર વિભાગોએ માત્ર કાગળ પરની કાર્યવાહી પૂરતી રાખી તેમજ કાગળના વાઘ ના બની મેદાનમાં ઉતરવાની જરૂર છે.આવું જોખમી વેચાણ દેખાય છે તો અધિકારીઓની નજર કેમ નથી પડતી? કોઈ મોટી દુર્ઘટના થાય તેની રાહ જોવાઈ રહી છે? આવા ધંધા સામે તાત્કાલિક કાર્યવાહી જરૂરી છે.

પંચમહાલ SOG દ્વારા ખેતરમાં રેડ કરવામાં આવી

હાલોલ તાલુકાના ધારીયા ગામેથી ૧૦.૨૫ લાખનો લીલો ગાંજો ઝડપાયો

(પ્રતિનિધિ) હાલોલ તા.11

પંચમહાલ જિલ્લામાં નશાકારક પદાર્થોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલોલ તાલુકાના ધારીયા ગામે ખેતરમાંથી ગેરકાયદેસર વાવેતર કરાયેલા લીલા ગાંજાના 12 નંગ છોડ સાથે એક ઈસમની પંચમહાલ SOG પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પંચમહાલ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા નાર્કોટિક્સના દૂષણને ડામવા આપેલી સૂચના મુજબ, SOG પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પાવાગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન, SOG પીએસઆઈ બી. કે. ગોહિલને ચોક્કસ બાતમી મળી હતી કે ધારીયા ગામે ખેતરમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું છે. આ બાતમીના આધારે SOG ટીમે સરકારી પંચોને સાથે રાખી ધારીયા ગામના ભૂરીવેરી ફળિયામાં રહેતા જેસિંગભાઈ તિડીયાભાઈ નાયકના ખેતરમાં ઝડતી તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન ખેતરમાંથી લીલા ગાંજાના 12 નંગ છોડ મળી આવ્યા હતા. પોલીસે તેનું વજન કરાવતા 20 કિલો અને 500 ગ્રામ જેટલો જથ્થો જણાયો હતો, જેની અંદાજિત કિંમત 10,25,000 આંકવામાં આવી છે. પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી આરોપી જેસિંગભાઈ તિડીયાભાઈ નાયક વિરુદ્ધ પાવાગઢ પોલીસ સ્ટેશન ખાતે એન.ડી.પી.એસ.એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પંચમહાલ કલેક્ટર અજય દહિયાની લીલેસરા ગામે મુલાકાત

ગોધરા : પંચમહાલ જિલ્લામાં જમીન, પાણી અને પર્યાવરણના રક્ષણ અર્થે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાના શુભ આશયથી એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કલેક્ટરશ્રી અજય દહિયા દ્વારા ગોધરા તાલુકાના લીલેસરા ગામે આવેલા પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની સાહજિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટરે લીલેસરા ગામના પ્રગતિશીલ ખેડૂત શંકરભાઈ જગુભાઈ વસાવાના મોડેલ ફાર્મનું પંચનામું કરી નિરીક્ષણ કર્યું હતું અને ત્યાં અપનાવવામાં આવેલી પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી. તેમણે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા વપરાશથી જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

જેપુરાથી આંતરરાષ્ટ્રીય બૉલિંગ લેન સુધીની સફર

પંચમહાલની છાયલ પરમારને હોંગકોંગમાં બે ગોલ્ડ મેડલ

(પ્રતિનિધિ) ગોધરાતા.11

પંચમહાલ જિલ્લાના જેપુરા ગામની 13 વર્ષની દીકરી છાયલ પરમારે પોતાની પ્રતિભા અને મહેનતના બળે આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું છે. હોંગકોંગ ખાતે યોજાયેલી 2026 Special Olympics East Asia Regional Bowling Championshipમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરીને છાયલએ બે ગોલ્ડ મેડલ જીતી શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. બૌદ્ધિક દિવ્યાંગતા ધરાવતી છાયલની આ સિદ્ધિ માત્ર રમતગમતની જીત નથી, પરંતુ આત્મવિશ્વાસ, સતત મહેનત અને યોગ્ય માર્ગદર્શનથી ઊભી થતી સંભાવનાઓનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. હોંગકોંગમાં યોજાયેલી આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે ભારતની ટીમમાં પુડુચેરી, ચંદીગઢ, પંજાબ અને ગુજરાત સહિતના વિવિધ વિસ્તારોમાંથી ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. ગુજરાતમાંથી પસંદગી પામેલી ખેલાડીઓમાં માત્ર બે દીકરીઓનો સમાવેશ થયો હતો, જેમાં પંચમહાલની 13 વર્ષની છાયલ પરમાર પણ સામેલ હતી. છાયલ માટે બૉલિંગની શરૂઆત કદાચ એક સામાન્ય રમત તરીકે થઈ હતી, પરંતુ નિયમિત તાલીમ સાથે આ રમત તેમના આત્મવિશ્વાસની સફર બની ગઈ. શરૂઆતમાં સ્પર્ધામાં ભાગ લેવાની તક જ તેમના માટે મોટી વાત હતી.

ક્રેનની મદદથી ટ્રકને બહાર નીકાળવામાં આવી

કાલોલમાં ગટર લાઈનના ખાડામાં માલસામાન ભરેલી ટ્રક ફસાઈ

(પ્રતિનિધિ) કાલોલ તા.11

કાલોલ શહેરના હૃદય સમાન વિસ્તારમાં નગરપાલિકાની કામગીરીની પોલ ખુલી પાડતો કિસ્સો આજરોજ શુક્રવારની વહેલી સવારે સામે આવ્યો છે. શહેરની જૂની પોસ્ટ ઓફિસ સામેના મુખ્ય રોડ પર ગટર લાઇનના ઢાંકણામાં માલસામાન ભરેલી એક આઇસર ટ્રક ફસાઈ જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ આ આઇસર ટ્રક કાલોલના વેપારીઓનો માલસામાન ખાલી કરવા માટે મેઇન બજાર તરફ જઈ રહી હતી. આ માર્ગ કચેરી રોડથી મેઇન બજાર તરફ જતો મુખ્ય માર્ગ હોવાથી દિવસ-રાત ભારે ટ્રાફિક રહે છે. અચાનક ટ્રકનું પાછલું વ્હીલ ગટર લાઈનના નબળા ઢાંકણામાં ખૂંપી જતાં ટ્રક ત્યાં જ ફસાઈ ગઈ હતી. જ્યાં ટ્રક ફસાવાના કારણે લાંબા સમય સુધી ટ્રાફિક જામ સર્જાયો હતો અને રાહદારીઓ, વાહન ચાલકો અને સ્થાનિક વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો કે નગરપાલિકા દ્વારા ગટર લાઇનની કામગીરી ખૂબ જ નબળી અને ગેરવ્યાજબી રીતે કરવામાં આવી છે. ગટરના ઢાંકણા નબળા હોવાથી અને લેવલમાં ન હોવાથી અવારનવાર વાહનો ફસાવાની ઘટનાઓ બને છે. તંત્ર દ્વારા યોગ્ય સમારકામ પણ કરવામાં આવતું નથી. આખરે ભારે જહેમત બાદ હેવી ક્રેન મંગાવીને ફસાયેલી ટ્રકને બહાર કાઢવામાં આવી હતી. આ ઘટનાને લઈને સ્થાનિકોમાં નગરપાલિકા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પરથમપુર ગામે જમીનની નકલમાં નામ દાખલ મામલે બબાલ

(પ્રતિનિધિ) લીમડી તા.11

ગોવિંદગુરુ લીમડી તાલુકાના પરથમપુર ગામે ગડી ફળિયામાં રહેતા ૪૮ વર્ષીય મનહરભાઈ મડીયાભાઈ હઠીલા ગઈકાલે સવારમાં અગીયારેક વાગ્યાના સુમારે તેમના ઘરના આગળના ભાગે ઓટલા ઉપર ખુરશી નાખી બેઠાહતા. તે વખતે તેમના ગામના અને તેમના જ કુટુંબના મહેશ ખુમસિંગ, મનુ ખુમસિંગ, રાકેશ ખુમસિંગ અને મુકેશ મનુ એમ ચારે જણા હાથમાં લાકડીઓ લઈ મનહરભાઈ હઠીલા પાસે આવ્યા હતા. અને બેફામ ગાળો બોલી સર્વે નંબર-૧૫૩ વાળી જમીનમાં તારા બાપનું નામ નકલમાં આવે છે અને અમારા બાપનું નામ કેમ નથી આવેલ તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ મનહરભાઈ હઠીલા પર હુમલો કરાયો હતો.

ગેરકાયદેસર વહન કરતા ભૂમાફિયાઓ અને તત્વોમાં ઉચાટ

કાલોલમાં મામલતદારની ઓચિંતી તપાસમાં લાકડા-ઓવરલોડ રેતી ભરેલા વાહનો ઝડપાયા

(પ્રતિનિધિ) કાલોલ તા.11

કાલોલ તાલુકામાં ગેરકાયદેસર ખનીજ અને વન સંપત્તિની હેરાફેરી કરતા તત્વો સામે મામલતદાર ટીમે લાલઆંખ કરી છે. કાલોલ મામલતદાર દ્વારા હાથ ધરવામાં આવેલા સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ગેરકાયદેસર પાસ-પરમિટ વગર લાકડાં ભરેલા બે વાહનો તેમજ ઓવરલોડ રેતી ભરેલું એક વાહન ઝડપી પાડી કાયદેસરની ધાકધમકીભરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કાલોલ પાસે આવેલ આઉટપોસ્ટ નજીક મામલતદાર ટીમ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પંચમહાલના લાલપરી/ઘોઘંબા વિસ્તારમાંથી ખાનગી સર્વે નંબર માંથી ગેરકાયદેસર રીતે લીમડાના તથા પંચરાઉ લાકડાં ભરીને ગોધરા જતું વાહન (નંબરઃ GJ 17 CE 9390) એરાલ પાસેથી રોકી પાસ-પરમિટ માંગતા ચાલક પાસે કોઈ આધાર-પુરાવા મળી આવ્યા ન હતા. તે જ રીતે અન્ય એક વાહન (નંબરઃ GJ 01 LQ 1585) પણ પરવાનગી વગર વરવાડા ગામેથી ખાનગી સર્વે નંબર માંથી ગેરકાયદેસર રીતે લીમડાના તેમજ પંચરાઉ લાકડાં ભરીને હાલોલ જઈ રહ્યું હતું. જે વરવાળા ગામે રોકી પરમીટ માગતા કોઈ પરમિટ મળી નથી આ બંને વાહનોના ચાલકો પાસે યોગ્ય પરમિટ ન હોવાથી કાલોલ મામલતદારે બંને વાહનોને મામલતદાર કચેરી, કાલોલ ખાતે મુકાવી કાયદેસરનો દંડ વસૂલવાની કાર્યવાહી શરૂ કરી છે. લાકડા ઉપરાંત, મહેલોલ ચોકડી પાસેથી ઓવરલોડ રેતી ખેડા જીલ્લામાં વાત્રક નદીમાં થી (સાદી રેતી) ભરીને અંજલી કોર્પોરેશન ભારત સિલિકા ની બાજુમાં જતું વાહન (નંબરઃ GJ 07 TW 0660) પણ ઝડપી પાડવામાં આવ્યું હતું. આ વાહનમાં નિયમ કરતાં 24.270ટન વધુ રેતી ભરેલી હોવાનું માલૂમ પડતાં, તેને સુરક્ષા અને કાર્યવાહીના ભાગરૂપે વેજલપુર ખાતે મુકાવવામાં આવ્યું છે. આ ત્રણેય વાહનો સામે ખાણ-ખનીજ અને વન વિભાગના નિયમો અનુસાર દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વાહન માલિકો અને ચાલકો પાસેથી સરકારી નિયમ મુજબ દંડ ભરપાઈ કરાવ્યા બાદ જ વાહનો મુક્ત કરવામાં આવશે. મામલતદારની આ કડક કાર્યવાહીથી ગેરકાયદેસર વહન કરતા ભૂમાફિયાઓ અને તત્વોમાં ભારે ફાળ પડી છે.

યાત્રા દરમિયાન ૫૦,૦૦૦ કિ.મી.થી વધુનું અંતર આવરી લેવામાં આવશે

'એકાત્મ યાત્રા'ના સૂચારુ આયોજન માટે કાલોલ ખાતે બેઠકનું આયોજન કરાયું

(પ્રતિનિધિ) કાલોલ તા.11

સમગ્ર માનવજાતિના કલ્યાણ અને અજ્ઞાનજન્ય ભેદવૃષ્ટિ દૂર કરી એકાત્મ ભાવના જાગરણ માટે આયોજિત રાષ્ટ્રવ્યાપી 'એકાત્મ યાત્રા'ના અનુસંધાને કાલોલ ખાતે આવેલી MGS હાઈસ્કૂલ ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય યાત્રા દરમિયાન પધારનારા પૂજ્ય શંકરાચાર્યજી તથા વિવિધ ધાર્મિક અને આધ્યત્મિક વિભૂતિઓનું ભવ્ય સન્માન અને સ્વાગત વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો હતો. આ સમીક્ષા બેઠકમાં શંકર દૂત અંકિત સિંહ, ન્યાસ મિશ્રા, હર્ષ પંડ્યા તેમજ એડવોકેટ સચીન ઉપાધ્યાય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાલોલ નગરમાંથી અગ્રણીઓ હસુભાઈ તલાટી, રમેશભાઈ ઉપાધ્યાય, હરેશભાઇ ઉપાધ્યાય, ગજેન્દ્રસિંહ, પ્રદીપસિંહ પરમાર અને વિરેન્દ્ર મહેતા તેમજ શાળાના સુપરવાઈઝર કિરણસિંહ પુવાર હાજર રહ્યા હતા. વિશ્વની તમામ સમસ્યાઓના મૂળ કારણરૂપ ભેદભાવ અને અજ્ઞાનને દૂર કરી સમગ્ર વિશ્વમાં એકાત્મતા અને અદ્વૈત ભાવનું જાગરણ કરવું.આ યાત્રા આદિ શંકરાચાર્યજીની જન્મભૂમિ કાલડી (કેરળ)થી ૧૬/૦૧/૨૭ ના રોજ પ્રારંભ થઈ મહાપ્રયાણ સ્થળ કેદારનાથ (ઉત્તરાખંડ) ખાતે તા ૧૦/૦૫/૨૭ ના રોજ સંપન્ન થશે. ૧૧૫ દિવસની આ અવિરત દક્ષિણથી ઉત્તર તરફની યાત્રા દરમિયાન ૫૦,૦૦૦ કિ.મી.થી વધુનું અંતર આવરી લેવામાં આવશે.આ રાષ્ટ્રવ્યાપી યાત્રામાં ભારતભરના મુખ્ય ૪ મહાધામ, ૧૨ જ્યોતિર્લિંગ, ૧૮ મહાશક્તિપીઠ, સપ્ત પુરી અને આચાર્ય શંકર દ્વારા પ્રતિષ્ઠિત મઠો સહિત અનેક પવિત્ર સ્થળોને સાંકળી લેવામાં આવ્યા છે.યાત્રા દરમિયાન નગરપ્રવેશ સમયે કળશપૂજન અને શોભાયાત્રા, સંત સમાગમ, વિદ્વાન સંગોષ્ઠીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, યુવા સંમેલન તેમજ મુખ્ય તીર્થો અને નદીઓ પર મહાઆરતી તથા દીપદાન જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે.

ખેડૂતો દ્વારા જીઆઇડીસીનો ભારે વિરોધ

ગોવિંદગુરુ લીમડી ખાતેની GIDCની દરખાસ્ત સ્થગિત

(પ્રતિનિધિ) દાહોદ તા.11

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કચલધારા તથા છાયણ ખાતે ગુજરાત ઉદ્યોગ વિકાસ નિગમ (પેન્ડ્રુઝ) દ્વારા ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે ચાલી રહેલી જમીન સંપાદનની દરખાસ્તને તંત્ર દ્વારા આખરે સત્તાવાર રીતે સ્થગિત કરી દેવામાં આવી છે. જીઆઈડીસી વડોદરા કચેરીના પ્રાદેશિક મેનેજર દ્વારા દાહોદના કલેક્ટરશ્રીને લેખિત પત્ર પાઠવીને આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવતા સ્થાનિક ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અગાઉ નિગમનાનિયામક મંડળના મંજૂરી ઠરાવ અન્વયે છાયણ સર્વે નં. ૩૮/૪, વિસ્તાર ૫,૯૬,૧૩૨ચો. મી. અને કચલધારા સર્વે નં. ૩૨ વિસ્તાર ૬,૨૦,૩૬૩ ચો.મી. ખાતે જમીન મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરવામાં આવી હતી. જોકે, આ જીઆઈડીસી મંજૂરથઈત્યારથી જ કચલધારા અને છાયણ પંથકમાં તેનો ભારે વિરોધ શરૂ થઈ ગયો હતો. ખેડૂતોની આજીવિકા સમાન ઉપજાઉ જમીનો છીનવાઈ જવાની તથા જમીન ખરાબ થવાની આશંકાએ સ્થાનિક સ્તરે રોષ ભભૂકી ઉઠ્યો હતો. તંત્ર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતો અને ઉગ્ર વિરોધ પ્રદર્શનો રંગ લાવ્યાછે. સતત વધી રહેલા વિરોધ અને જનઆંદોલનને ધ્યાનમાં રાખીને સક્ષમ સત્તાધિકારી દ્વારા હાલ સદર જમીનો મેળવવાની કાર્યવાહી સ્થગિત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના ૧૦૭ વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસે

કાલોલના વિદ્યાર્થીઓએ વિધાનસભા સહિતના અનેક સ્થળોની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) કાલોલ તા.11

એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કાલોલ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને વ્યવહારુ જ્ઞાનને પ્રોત્સાહન આપવાના હેતુથી ગાંધીનગર ખાતે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય ડૉ. કિશોર વ્યાસના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્રવાસમાં કુલ ૧૦૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ ગુજરાત વિધાનસભા, મહાત્મા મંદિર અને અક્ષરધામની મુલાકાત લીધી હતીઃ શૈક્ષણિક પ્રવાસનું મુખ્ય આકર્ષણ બનેલી આ મુલાકાતમાં વિદ્યાર્થીઓએ રાજ્યની લોકશાહી પ્રક્રિયા, શાસનતંત્ર, વિધાનસભાની કાર્યવાહી અને ધારાસભ્યોની ભૂમિકા વિશે પ્રત્યક્ષ માહિતી મેળવી હતી. મહાત્મા મંદિરઃ અહીં વિદ્યાર્થીઓને ગુજરાતના વિકાસ, સંસ્કૃતિ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાના આયોજનો વિશે વિસ્તૃત જાણકારી મળી હતી. અક્ષરધામઃ પ્રવાસના અંતિમ ચરણમાં અક્ષરધામની મુલાકાત લઈ વિદ્યાર્થીઓએ ભારતીય શિલ્પકલા, સ્થાપત્ય, આધ્યાત્મિકતા અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલીનો પરિચય મેળવ્યો હતો. આ શૈક્ષણિક પ્રવાસનું સક્ષમ કૉ-ઓર્ડિનેશન પ્રો. વી. જી. પટેલ અને ડૉ. અર્જુનસિંહ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે જ ડૉ. આકાશ દંતાણી, ડૉ. હરેશ સુથાર, પ્રો. કામિની પટેલ અને પ્રો. મનીષા રાઠોડે વિદ્યાર્થીઓની સુરક્ષા, શિસ્ત અને માર્ગદર્શનની જવાબદારી સુપેરે નિભાવી હતી.